**હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ અને**
**ડી.એન.પી.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા.**
**આયોજીત**

# વાંચન શિબિર

**દિનાંક :- ૧૯,૨૦,૨૧ માર્ચ ૨૦૧૬**
**સ્થળ :- શ્રી જેઠાભાઇ ઉમેદરામ પટેલ સભાગૃહ**

## શિબિર અહેવાલ

**<u>તા. ૧૯-૩-૨૦૧૬</u>**

ચા-અલ્પાહાર :- ૮-૩૦ થી ૯-૩૦

રજીસ્ટ્રેશન :- ૯-૩૦ થી ૧૦-૩૦

રજીસ્ટ્રેશન :- ૬૪ સંખ્યા

**ઉદ્‌ઘાટન સત્ર :- ૧૦-૩૦**

કોલેજના ટ્રસ્ટીશ્રી નાનુભાઇ એસ.શાહ, ટ્રસ્ટીશ્રી દાનુમલભાઇ ભીમાણી, કોલેજના નિયામકશ્રી છગનભાઇ એસ.પટેલ,કોલેજના આચાર્યાશ્રી વંદનાબેન સિસોદિયા, ડીસાના જાણીતા ચિકિત્સક અને પુસ્તકપ્રેમી ડૉ. એસ.ટી.કોટક, પર્યાવરણ વિદ્‌ અને સાહિત્યપ્રેમી ડૉ.નવિનભાઇ શાહ, કોલેજ સ્ટાફ અને જુદી-જુદી કોલેજોમાંથી આવેલા શિબિરાર્થીઓની ઉપસ્થિતિમાં તા. ૧૯-૩-૨૦૧૬ ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે યોજવામાં આવ્યો હતો.

આ વાંચન શિબિરને ઉદ્‌ઘાટનસત્ર, વ્યાખ્યાનસત્ર, વાંચનસત્ર, ચર્ચાસત્ર, અનૌપચારિકસત્ર એમ વિવિધ સત્રોમાં વિભાજીત કરી તે મુજબ જરૂરી તજ્જ્ઞોને આમંત્રિત કર્યા હતા. જેની ક્રમિક માહિતિ નીચે મુજબ છે.

**હાર્દરૂપ વ્યાખ્યાન :- વક્તા :- શ્રી છગનભાઇ એસ.પટેલ**

ડીસા કોલેજના પૂર્વ પ્રધાનાચાર્ય અને વર્તમાનામાં નિયામક તરીકે કાર્યરત શ્રી છગનભાઇ એસ.પટેલે વાંચન શિબિરમાં હાર્દરૂપ વ્યાખ્યાન આપ્યું હતું. તેઓશ્રીએ કેમ વાંચવું જોઇએ, શું વાંચવું જોઇએ, કઇ રીતે વાંચવું જોઇએ વગેરે વિશે વિસ્તૃત જાણકારી આપી હતી.

**પ્રથમસત્ર :- ૧૨-૦૦ થી ૧-૦૦ વ્યાખ્યાન**

સત્રના તજ્જ્ઞ :- ડૉ. ભરતભાઇ સોલંકી

પાટણની જાણીતી શૈક્ષણિક સંસ્થા પી.કે.કોટાવાલા આર્ટ્સ કોલેજના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. ભરતભાઇ સોલંકીનું વાંચન કળા વિષયક વ્યાખ્યાન યોજવામાં આવ્યું. આ વ્યાખ્યાન તેઓશ્રીએ વાંચન એક કળા છે. તેને કઇ રીતે કેળવવી તેના પર પ્રકાશ પાડયો હતો. ત્યારબાદ ૧ -૦૦ થી ૨-૩૦ દરમ્યાન શિબિરાર્થીઓ સાથે મહેમાનોએ ભોજન લીધું.

D.N.P. Arts & Com. College DEESA

દ્વિતીયસત્ર :- ૨-૩૦ થી ૩-૩૦ ગ્રંથાલય મુલાકાત અને પુસ્તક નિદર્શન

સત્રના તજ્જ્ઞ :- કું હેતલબેન મોદી

કોલેજનાં ગ્રંથપાલ કું હેતલબેન મોદીના માર્ગદર્શન હેઠળ શિબિરાર્થીઓએ ડીસા કોલેજના ગ્રંથાલયની મુલાકાત લીધી હતી. આ સમયે કોલેજ ગ્રંથાલયમાં પુસ્તક પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. શિબિરાર્થીઓએ પાતાને ગમતાં પુસ્તકો વાંચવા માટે લીધાં હતાં.

તૃતીયસત્ર :- ૩-૪૫ થી ૪-૩૦ વ્યાખ્યાન

સત્રના તજ્જ્ઞ :- ડાં. શોભરાજભાઇ ટી.કોટક

શિબિરમાં ડીસાના જાણીતા ચિકિત્સક અને પુસ્તકપ્રેમી તેમજ અનેકવિધ સંસ્થાઓ સાથે સંકળાયેલા ડાં. એસ.ટી.કોટકનું પ્રાચિન સાહિત્ય વિષયક માહિતિ સભર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.તેઓશ્રીએ શિબિરમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રાચિન ગ્રંથો સંબંધી માહિતિ આપી હતી.

ચતુર્થસત્ર :-૪-૩૦ થી ૬-૦૦ મણીબા ગ્રંથાલયની મૂલાકાત

સત્રના તજ્જ્ઞ :- ડાં.તૃપ્તીબેન પટેલ

કોલેજના ગુજરાતી વિભાગનાં પ્રાધ્યાપિકા ડાં.તૃપ્તીબેન પટેલના માર્ગદર્શન હેઠળ શિબિરાર્થીઓએ ડીસાની મણીબા ગ્રંથાલયની મૂલાકાત લીધી હતી. આ મૂલાકાત દરમ્યાન શિબિરાર્થીઓએ ફિલ્મદર્શન પણ કરાવવામાં આવ્યું હતું.

ચર્ચા એવં અનૌપચારિકસત્ર :- ૬-૦૦ થી ૭-૦૦

સત્રના તજ્જ્ઞ :- ડાં.ભાનુભાઇ એમ.પટેલ

વાંચન શિબિર સંયોજક ડાં.ભાનુભાઇ એમ.પટેલે ચર્ચા સત્રમાં વિદ્યાર્થીઓ સાથે વાંચન અને વાંચન શિબિર વિષયક ચર્ચા વિચારણા કરી હતી. આ અનૌપચારિક ચર્ચસત્ર વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઇ પોતાના વિચારો રજૂ કર્યા હતા.

ભોજન :- ૭-૦૦ થી ૮-૩૦

રાત્રિ કાર્યક્રમ :- વાંચન અને શયન.

<u>તા. ૨૦-૩-૨૦૧૬</u>

પ્રથમસત્ર :- ૮-૦૦ થી ૧૧-૩૦ ચર્ચા અને પુસ્તક સમીક્ષા

સત્રના તજ્જ્ઞ :- ડાં. તૃપ્તીબેન પટેલ

કોલેજના ગુજરાતી વિભાગનાં પ્રાધ્યાપિકા ડાં.તૃપ્તીબેન પટેલે વિદ્યાર્થીઓ પાસે વિદ્યાર્થીઓએ વાંચેલાં પુસ્તકો ઉપર ચર્ચા અને પુસ્તક સમીક્ષા કરાવી હતી. આ સત્ર ખુબ રસપ્રદ રહ્યું હતું. વિદ્યાર્થીઓને પોતાના વિચારો રજૂ કરવાની તક પ્રાપ્ત થઇ હતી.

D. N. P. Arts & Com. College
DEESA

**દ્વિતીયસત્ર :- ૧૧-૩૦ થી ૧૨-૩૦ વ્યાખ્યાન**

સત્રના તજ્જ્ઞ :- શ્રી ભાવેશભાઇ પંડયા

ગુજરાત રાજ્ય પાઠયપુસ્તક મંડળ અને ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં સેવાઓ આપતા તેમજ રાણપુર ખાતે સી.આર.સી. તરીકે કાર્યરત શ્રી ભાવેશભાઇ પંડયાએ ભાષા વાંચનની પધ્ધતિઓ ઉપર પ્રકાશ પાડી , આજના વિદ્યાર્થીઓને કેવા પ્રકારનું વાંચન કરવું ગમે છે તે વિશે વાત કરી હતી.

ભોજન વિશ્રાન્તિ :- ૧૨-૩૦ થી ૨-૩૦

**તૃતીયસત્ર :- ૨-૩૦ થી ૫-૩૦ પુસ્તક વાંચન**

આ કાલાંશ શિબિરાર્થીઓને પુસ્તક વાંચન માટે આપવામાં આવ્યો હતો જેમાં વિદ્યાર્થીઓએ ડીસા નગરથી દૂર આવેલ વર્ધમાન જૈનવિહારધામ ખાતે એકાંતમાં શાંતિથી વાંચન કર્યુ હતું.

**ચતુર્થસત્ર :-૫-૩૦ થી ૭-૦૦ ચર્ચા અન અનૌપચારિક**

શિબિર સંયોજક ડૉ.ભાનુભાઇ એમ.પટેલે આ ચર્ચા સત્રમાં વિદ્યાર્થીઓ સાથે વાંચન અંગે ચર્ચા વિચારણા કરી હતી. આ અનૌપચારિક ચર્ચાસત્રમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઇ પોતે વાંચેલાં પુસ્તકમાંથી મહત્વની બાબતોથી અન્ય શિબિરાર્થીઓને પરિચિત કરાવ્યા હતા.

ભોજન :- ૭-૦૦ થી ૮-૩૦

રાત્રિ કાર્યક્રમ :- વાંચન અને શયન.

**<u>તા. ૨૧-૩-૨૦૧૬</u>**

**પ્રથમસત્ર :- ૮-૦૦ થી ૧૧-૩૦ વ્યાખ્યાન**

સત્રના તજ્જ્ઞ :- શ્રી.કનુભાઇ આચાર્ય

બનાસકાંઠાના સાહિત્યકાર શ્રી.કનુભાઇ આચાર્યને આ સત્રના તજ્જ્ઞ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેઓશ્રીએ જ્ઞાનની ક્ષિતિજોને આંબવા વાંચનને એક માત્ર અનિવાર્ય ઉપાય બતાવી, વિશ્વમાં આજે કેવા કેવા વિષયો ઉપર લખવામાં આવી રહ્યું છે તે વિશે પણ માહિતિ આપી હતી. તેઓશ્રીએ રામાયણ અને મહાભારત આજની પેઢીને અચૂક વાંચવા હાકલ કરી હતી.

**દ્વિતીયસત્ર :- ૧૧-૩૦ થી ૧૨-૩૦ ચર્ચા , પુસ્તક સમીક્ષા અને વ્યાખ્યાન**

સત્રના તજ્જ્ઞ :- ડૉ. નવિનભાઇ શાહ

ડીસાના જાણીતા પર્યાવરણ વિદ્ ,સેવાભાવી ચિકિત્સકઅને સાહિત્યપ્રેમી ડૉ.નવિનભાઇ શાહને આ સત્રમાં ખાસ આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેની પાછળનું કારણ એ પણ હતું કે ડીસામાં જ્યારે જ્યારે પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવે છે ત્યારે આયોજક ટીમમાં ડૉ.નવિનભાઇ શાહ અચૂક હોય જ અને આયોજનમાં મુખ્ય ભૂમિકા પણ તેમની જ હોય. તેમના

D.N.P. Arts & Com. College
DEESA

આ પ્રકારના અનુભવનો લાભ શિબિરાર્થીઓને મળે તે જરૂરી હતો.તેઓશ્રીએ આ સત્રમાં વિદ્યાર્થીઓ સાથે વાર્તાકથનના માધ્યમથી જાતકકથાઓ વિશે જાણકારી આપી હતી.

ભોજન :- ૧ -૦૦ થી ૨-૩૦

**સમાપન કાર્યક્રમ :- ૨-૩૦ થી ૪-૩૦**

કોલેજના નિયામકશ્રી છગનભાઇ એસ.પટેલના અધ્યક્ષ સ્થાને અને ડૉ. નવિનભાઇ શાહની ઉપસ્થિતિમાં શિબિર સમાપન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસગેં શિબિરાર્થી ભાઇ-બહેનોએ શિબિર અંગે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતાં. કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને ભેટ સ્વરૂપે પુસ્તક આપવામાં આવ્યું હતું.

D.N.P. Arts & Com. College DEESA

**કાર્યકારી આચાર્ય**
**ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ**
**ડીસા-૩૮૫૫૩૫ (બ. કાં.)**